# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા-૪/૧૯-૨૦/ ૨૫૪૬-૬** તા.૦૧-૦૬-૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No. PG- ૧૦/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: જ્યોતીન્દ્રગિરિ કુલગીરી ગોસ્વામી **ગામ - રાજકોટ** **સબડીવીઝન: કાલાવડ રોડ**

રજૂઆત કરનાર: અરજદારના પ્રતિનિધિ શ્રી ધીરેન્દ્રગીરી મનસુખગીરી ગોસ્વામી હાજર રહેલ છે.

:: **વિરુધ્ધ** ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મેહતા પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩ અને નાયબ ઈજનેર શ્રી એસ. ડી. ઝાલા- કાલાવડ રોડ સબડીવીઝન હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર ટેકનીકલ- શ્રી પી.એચ. માવાણી
૩) મેમ્બર સ્વતંત્ર- શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૧૨-૦૩-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૨-૦૩-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓએ મકાન વેચાણથી લીધેલ – જેમા સીંગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ ૩૯૯૮૩/૦૦૦૭૧/૭ થી ધરાવે છે. જેમા નામ બદલી તથા વીજભાર વધારો ૧૦ કીવો સુધી કરવા માટે – તા.૦૬–૧૨–૧૯ ના રોજ જરૂરી આધાર–પુરાવા સાથે અરજી કરેલ. જેના માટે રૂ.૨૩૮/– ભરપાઈ કરવા જણાવતા તા.૦૯–૧૨–૧૯ થી જરૂરી નોંધણીચાર્જ ભરપાઈ કરેલ – જે અનુસંધાને તા.૨૭–૧૨–૧૯ ના રોજ ફીકસચાર્જ રૂ.૮,૫૦૦/– તથા સીકયોરીટી ડિપોઝીટ રૂ.૮,૨૩૪/– એક કુલ રૂ.૧૬,૭૩૪/– નુ ભાવપત્રક કોમ્પ્યુટર જનરેટેડ સીસ્ટમ થી આપેલ – જેમા હસ્તલીખીત એફકયુ લાઈન તફાવત રકમ રૂ.૫૪,૨૯૬/– એમ કુલ રૂ.૭૧૦૩૦/– નુ ભાવપત્રક આપેલ છે, જે ભરપાઈ કરવાની તા.૨૩–૦૧–૨૦ દર્શાવેલ છે. જે અન્વયે સબંધક પેટા વિભાગીય કચેરીમાં પુછપરછ કરતા મૌખિક જણાવેલ કે – અરજી મુજબ નો પાવર આપવા માટે વધારાનો અન્ડરગ્રાઉન્ડ કેબલ નાખવા માટે તફાવત ના રૂ.૫૪,૨૯૬/– દર્શાવેલ છે. પરંતુ સદર બાબત ના નિયમ / સરકયુલર /આધાર– પુરાવા આપેલ નથી. વધુમા કોમ્પ્યુટર સીસ્ટમ જનરેટેડ ચાર્જીસ આપેલ છે, તે નિયમ મુજબ ભરપાઈ કરવાના થતા હોય છે. આથી હસ્તલીખીત જે ચાર્જીસ દર્શાવેલ છે. જે નિયમાધીન ન હોવાનુ તેઓનુ માનવુ છે. જેથી, અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર શ્રી જ્યોતીન્દ્રગીરી ફૂલગીરી ગોસ્વામી દ્વારા ગ્રાહક નં ૩૯૯૮૩/૦૦૦૭૧/૭ માં નામ ટ્રાન્સફર તેમજ લોડ વધારા માટે અરજી કરેલ જેમાં તેઓ જણાવે છે કે, ફિક્સચાર્જ પેટે રૂ.૮૫૦૦/- તથા સીક્યુરીટી ડીપોઝીટ પેટે રૂ. ૮૨૩૪/- એટલે કૂલ રૂ. ૧૬૭૩૪/- કોમ્પ્યુટર જનરેટેડ સીસ્ટમ થી જણાવેલ છે અને નીચે હસ્તલિખિત લાઈન ડીફરન્સ ચાર્જ ૫૪૨૯૬/- કૂલ રૂ, ૭૧૦૩૦/- નું કવોટેશન આપેલ છે. જેની મુદત તા. ૨૩.૦૧.૨૦૨૦ દર્શાવેલ છે. જેમાં ડીફરન્સ ચાર્જ ૫૪૨૯૬/- ક્યાં સર્ક્યુલરના આધારે ભરવાનો થાય છે તેમજ આ ચાર્જ ગ્રાહકે આપવાનો થતો નથી અને એસ્ટીમેટમાં આ ચાર્જ મેન્યુલી દર્શાવામાં આવેલ છે. વિજકંપની દ્વારા જનરેટ કરવામાં આવેલા એસ્ટીમેટમાં આ ચાર્જ જનરેટ થયેલ ન હોવાથી આ ચાર્જ નિયમ વિરુધ્ધ હોય છે.

૩.૧ ઉપરોક્ત ફરિયાદના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર દ્વારા હયાત વીજ જોડાણ કે જેના ગ્રાહક નંબર ૩૯૯૮૩/૦૦૦૭૧/૭ છે કે જેનો હાલનો કરારિત વીજભાર ૦.૫ કી.વો. છે તેમાં નામ ટ્રાન્સફર તેમજ વીજભારમાં વધારો કરી ૧૦.૦કી.વો.(થ્રી-ફેઇઝ)નું વીજ જોડાણ મેળવવા અંગેની અરજી કરેલ હતી.

૩.૨ સરક્યુલર નં જી.ઈ.આર.સી/ટેક/૨૦૧૪/૧૧૯૩ તા. ૦૩.૦૬.૧૪ ના અનુસંધાને એસ.આર. નંબર ૧૨૫૨૨૬૯૦ દ્વારા વર્ક-ફ્લો લોન્ચ કરવામાં આવેલ હતો જે વર્કફલોની નકલ રજુ કરેલ છે. જે સક્ષમ ઓથોરીટી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. સદર મંજુરી સાઈટ સ્કેચ મૂજબ ૧૦૦મીટર અન્ડર ગ્રાઉન્ડ

એચ.ટી. લાઈન તેમજ ૧૦૦કેવીએનું નવું ટ્રાન્સફોર્મર હયાત નેટવર્કમાં ઉભું કરવાનું થાય છે.

3.3 પી.જી.વી.સી.એલ.ના હાલના પ્રવર્તમાન નિયમ તેમજ સપ્લાય કોડની જોગવાઈ મૂજબ ઓવર-હેડ એચ.ટી. લાઈન, ટ્રાન્સફોર્મર, એલ.ટી. લાઈન તેમજ સર્વિસ કનેક્શન ચાર્જ પેટે કિલોવોટ આધારિત ફિક્સ ચાર્જ લેવાનો થાય છે. તે મુજબ ફિક્સચાર્જ રૂ. ૮૫૦૦/- એસ્ટીમેટમાં દર્શાવેલ છે.

3.૪ કાલાવડરોડ કચેરી હેઠળના લગભગ તમામ ફીડરો આઈ.પી.ડી.એસ. યોજના અંતર્ગત અન્ડર ગ્રાઉન્ડ થઇ ગયેલ હોય, વડી કચેરીના માર્ગદર્શન મૂજબ નવી ઉભી કરવાની થતી તમામ એચટી. લાઈન અન્ડર ગ્રાઉન્ડ નેટવર્ક કરવાની જોગવાઈ છે. જી.ઈ.આર.સીની આ સાથે સામેલ ગાઈડલાઈન મુજબ જયારે નેટવર્કમાં અન્ડર ગ્રાઉન્ડ યુજી કેબલની જરૂરિયાત હોય ત્યારે એચટી ઓવરહેડ લાઈન અને એચટી અન્ડરગ્રાઉન્ડ લાઈનના તફાવતની રકમ એસ્ટીમેટમાં લેવાની થાય છે. સદર કેસમાં પીજીવીસીએલને અન્ડરગ્રાઉન્ડ નેટવર્ક કરવાની જરૂરિયાત/ડીમાન્ડ હોવાથી તફાવતની રકમ રૂ.૫૪૨૯૬ અરજદારને પાઠવવામાં આવેલ અંદાજપત્રમાં દર્શાવેલ છે. જે અંદાજપત્ર અરજદારને ભરવાપાત્ર થાય છે.

3.૫ સદર વર્ક-ફ્લોમાં કમ્પ્યુટર સીસ્ટમ એરરને લીધે રૂ.૫૪૨૯૬ કન્ઝ્યુમર ટોટલને બદલે કંપની ટોટલમાં આવી ગયેલ છે જે બાબતની ટીકીટ E-urja Helpdeskમાં (૧) PG334552 (૨) PG339019 (3) PG341223 (કૂલ ત્રણ વખત) મુકવામાં આવેલ જેની નકલ રજુ કરેલ છે. આ ટીકીટ વિપ્રો લેવેલથી પ્રોસેસ કરવામાં આવેલ પરંતુ એસ્ટીમેટ ઈ-ઉર્જા સીસ્ટમમાંથી કાઢવામાં આવે છે ત્યારે યુજી કેબલની રકમ સ્પ્લિત થઈ શક્તિ ન હોવાથી એસ્ટીમેટમાં પ્રિન્ટ થઈ શકેલ નથી. જી.ઈ.આર.સી એસઓપી મુજબ ગ્રાહકને સમયસર એસ્ટીમેટ મળી રહે તેમજ અરજીની આગળની કાર્યવાહી સમયસર થઈ શકે તે હેતુ થી સીસ્ટમમાંથી એસ્ટીમેટ કાઢી તફાવતની રકમ રૂ.૫૪૨૯૬ એસ્ટીમેટમાં મેન્યુઅલી(હસ્તલેખિત) દર્શાવેલ છે. આ એસ્ટીમેટમાં લીધેલ રકમ ૭૧૦30/- નિયમ મુજબ જ લીધેલ છે. જે અરજદારને ભરવાપાત્ર થાય છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા હયાત વીજ જોડાણ કે જેના ગ્રાહક નંબર ૩૯૯૮૩/૦૦૦૭૧/૭ છે કે જેનો હાલનો કરારિત વીજભાર ૦.૫ કી.વો. છે તેમાં નામ ટ્રાન્સફર તેમજ વીજભારમાં વધારો કરી ૧૦.૦કી.વો.(થ્રી-ફેઇઝ)નું વીજ જોડાણ મેળવવા અંગેની અરજી કરેલ હતી. તા.૨૭–૧૨–૧૯ ના રોજ ફીકસચાર્જ રૂ.૮,૫૦૦/– તથા સીકયોરીટી ડિપોઝીટ રૂ.૮,૨૩૪/– એક કુલ રૂ.૧૬,૭૩૪/– નુ ભાવપત્રક કોમ્પ્યુટર જનરેટેડ સીસ્ટમ થી આપેલ – જેમા હસ્તલીખીત એફકયુ લાઈન તફાવત રકમ રૂ.૫૪,૨૯૬/– એમ કુલ રૂ.૭૧૦૩૦/– નુ ભાવપત્રક આપેલ છે, જે ભરપાઈ કરવાની તા.૨૩–૦૧–૨૦ દર્શાવેલ છે.જે નિયમાધીન ન હોવાનુ અરજદારનું માનવુ છે. જેથી, અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૪.૨ સદર કેઈસ મા લાગુ પડતા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના વિભાગ ૪ ના નવું જોડાણ આપવાની કાર્યપદ્ધતિ અને ચાલુ જોડાણમાં સુધારા બાબતે કરાયેલ જોગવાઈઓ અંતર્ગત વીજભાર વધારો ના મુદ્દા નં.૪.૮૨ નીચે મુજબ છે.

માંગ નોંધની સાથે અરજદારને મોકલાવેલ પરવાનેદારની લેખીત સૂચનામાં નીચેનાનો સમાવેશ છે.

(૧) વધારાનો વીજભાર હાલના વોલ્ટેજ કે વધુ વોલ્ટેજે પૂરો પાડી શકાશે;

(૨) વ્યવસ્થામાં કરવાના જરૂરી કોઈ વધારા કે ફેરફારો અને ગ્રાહકે ભોગવવાનું ખર્ચ ;

(૩) વધારાની જામીન અનામતની રકમ, વધારાની આધાર સુવિધાઓ(ઇન્ફ્રાસ્ટ્રકચર)નું ખર્ચ અને વ્યવસ્થાને મજબુત બનાવવાનો ખર્ચ અથવા ક્ષમતા વધારવાનો કોઈ ખર્ચ જમા કરાવવાનો હોય તો તે;

(૪) ગ્રાહકના વર્ગીકરણમાં ફેરફાર અને જરૂરી હોય તો પ્રશુલ્ક લાગુ પડવાની પાત્રતા.

જો કે જ્યાં, અંદાજો માંગેલ વિજભારના કી.વો. દીઠના આધારે આપ્યા હોય ત્યાં પેટા ખંડો (૨) અને (૩) લાગુ પડશે નહિ..

૪.૩ પીજીવીસીએલ પક્ષકાર દ્વાર સદર કેઈસ માં નીચે મુજબ માહિતી રજુ કરેલ .

1. અરજદાર દ્વારા તેઓના હયાત વીજ જોડાણ નં. ૩૯૯૮૩/૦૦૦૭૧/૭ માં ૦.૫ કિ.વો. થી ૧૦.૦ કિ.વો. ના લોડ વધારા( સીંગલ ફેઝ થી થ્રી ફેઝ ) માટે તા. ૦૬.૧૨.૨૦૧૯ ના રોજ અરજીની નોંધણી કરાવેલ.
2. ઉપરોક્ત બાબતે સામાવાળા દ્વારા તા. ૨૪.૧૨.૨૦૧૯ ના રોજ ફિક્ષ ચાર્જ મુજબનું અંદાજપત્ર રૂ.૧૬૭૩૪/- નું પાઠવવામાં આવેલ જેમાં હસ્તલીખીત લાઈન તફાવત રકમ રૂ.૫૪,૨૯૬/– એમ કુલ રૂ.૭૧૦૩૦/– નુ ભાવપત્રક આપેલ છે, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૩–૦૧–૨૦૨૦ દર્શાવેલ છે પીજીવીસીએલ સદર ભાવપત્રકની રકમ અરજદાર દ્વારા સમયમર્યાદામાં ભરપાઈ કરેલ ન હોય સદર અરજી રદ કરેલ છે.
3. ત્યારબાદ અરજદાર દ્વારા ફરીથી ૦.૫ કિ.વો. થી ૬.૦ કિ.વો. ના લોડ વધારા (સીંગલ ફેઝ થી સીંગલ ફેઝ) માટે તા. ૦૭.૦૨.૨૦૨૦ ના રોજ અરજીની નોંધણી એસ.આર. નં. ૧૨૭૧૧૫૩૪ થી કરાવેલ. જે અન્વયે હયાત ટ્રાન્સફોર્મર નો લોડ રીવ્યુ કર્યા વગર ભાવપત્રક ફિક્ષ ચાર્જ મુજબનું રૂ.૩૦૦૦/- નું અંદાજપત્ર પાઠવવામાં આવેલ. સદર ભાવ્પત્રકની રકમ ભરપાઈ થયા બાદ નીયમાધીન ૬.૦ કી.વો. મુજબનો લોડ એલ.ટી. બિલીંગ માં તા. ૦૬.૦૩.૨૦૨૦ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે.

૪.૪ અરજદાર દ્વારા અગાઉની ૦.૫ કી.વો. માંથી ૧૦.૦ કી.વો લોડ વધારાની અરજીની ભાવપત્રક ભરપાઈ કરવાની સમયમર્યાદા વધારવા માટે કોઈ રજૂઆત કરેલ નથી. તેમજ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩(૩) મુજબ સદર વીજ જોડાણમાં ૦.૫ કી.વો. માંથી ૬.૦ કી.વો. પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ છે.

૪.૪ અરજદારની ફરીયાદ મુજબ લોડ વધારો ૧૦.૦ કિ.વો. કરવાની અરજી અન્વયે તકરારી ભાવપત્રક આપેલ હતું જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૩–૦૧–૨૦૨૦ હતી તેમજ સદર ફરીયાદ ફોરમ સમક્ષ ન્યાયિક

બાબતે પડતર હતી. વધુમાં સદર કેઈસ નો વિશેષ અભ્યાસ કરતા સદર ટ્રાન્સફોર્મર માં લાઈટીંગ લોડ જ મુખ્યત્વે જોડાયેલ હોય ડાયવર્સીટી ફેક્ટર ધ્યાને લેતા અરજદારને જો લોડ વધારાની જરૂરિયાત હોય તો અરજદાર પાસેથી નવી અરજી ૬.0 કી.વો. માંથી ૧0.0 કી.વો. ની લઈને નીયમાધીન કાર્યવાહી કરીને માંગેલ વિજભારના કી.વો. દીઠના આધારે નિયમ મુજબ રકમ વસુલ કરીને હયાત ટ્રાન્સફોર્મર માંથી લોડ વધારો મંજુર કરવાની પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

**૪.૫** ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

**૪.૬** આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| **(કે. જે. મોટાણી)** | **(પી. એચ. માવાણી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **સભ્ય (ટેકનીકલ)** | **ચેરપર્સન** |

નોંધ: (૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩0 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.